# ECONOMICS

## અર્થવ્યવસ્થા :-

"કોઈ સુપરિભાષિત ભૌગોલિક વિસ્તારમાં નિવાસ કરતા સમાજની ભૌતિક જરૂરિયાતો એટલે કે આજીવિકાના સંસાધનોની પૂર્તિ કરનાર વ્યવસ્થાને અર્થવ્યવસ્થા કહે છે."

→ ઈ.સ. 1776 માં એડમ સ્મિથ નામના અમેરિકન અર્થશાસ્ત્રીએ તેમની પુસ્તક 'An Enquiry into the Nature And Causes of the Wealth of Nations' માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા કરી.

→ ઈ.સ. 1890 માં આલ્ફ્રેડ માર્શલે તેમની પુસ્તક 'Principles of Economics' માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી.

→ ઈ.સ. 1931 માં લાયોનલ રોબિન્સે પોતાની પુસ્તક 'Nature and Significance of Economics' માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી.

## અર્થશાસ્ત્રનાં પ્રકાર :

| Microeconomics (એકમલક્ષી) | Macroeconomics (સમગ્રલક્ષી) |
|---|---|
| 1. નાના નાના આર્થિક ક્ષેત્ર અને આર્થિક મુદ્દાઓ સાથે સંબંધિત અભ્યાસ છે. | 1. મોટા સ્તરના આર્થિક મુદ્દા સાથે સંબંધિત અભ્યાસ છે. |
| 2. એક વ્યક્તિ, એક ગ્રાહક અથવા એક કંપની સાથે સંબંધિત | 2. રાષ્ટ્રીય આવક, બેરોજગારી અને સરકારી બજેટ જેવી બાબતો સંબંધિત |
| 3. ગ્રાહક, પેઢી કે શ્રમિક જેવા આર્થિક એકમોને નિર્ણય કરવામાં મદદરૂપ થાય. | 3. સરકારને આર્થિક નિતી ઘડવામાં મદદરૂપ થાય. |

## અર્થવ્યવસ્થાનું વર્ગીકરણ

- વિકાસની સ્થિતિનાં આધારે → વિકસિત, વિકાસશીલ, અલ્પવિકસિત
- વિભિન્ન ક્ષેત્રોની ભુમિકાના આધારે → ખેતીકીય, ઔદ્યોગીક, સેવાકીય
- અન્ય વિશ્વ સાથેનાં સંબંધના આધારે → ખુલ્લી, બંધ
- સરકારની ભુમિકાના આધારે → મૂડીવાદી, સમાજવાદી, મિશ્ર

GPSC online education

GPSC Online

# ECONOMICS

## સરકારની ભુમિકાના આધારે અર્થવ્યવસ્થાના પ્રકારો

| મૂડીવાદી અર્થવ્યવસ્થા (Capitalist) | સમાજવાદી અર્થવ્યવસ્થા (Socialist) | મિશ્ર અર્થવ્યવસ્થા (Mixed) |
|---|---|---|
| 1. આર્થિક ક્રિયાઓ પર બજારનું નિયંત્રણ હોય છે. | 1. આર્થિક ક્રિયાઓ પર સરકાર અથવા કેન્દ્રની કોઈ સંસ્થાનું નિયંત્રણ હોય છે. | 1. આર્થિક ક્રિયાઓ પર સામાન્ય રીતે બજારનું નિયંત્રણ હોય, પરંતુ સરકાર નિયામકની ભુમિકા ભજવે છે. |
| 2. મહત્તમ લાભ લેવાના ઉદ્દેશ્ય સાથે આર્થિક નિર્ણયો લેવામાં આવે છે. | 2. સામાજીક કલ્યાણનાં ઉદ્દેશ્ય સાથે આર્થિક નિર્ણયો લેવામાં આવે છે. | 2. બંને ઉદ્દેશ્ય સાથે આર્થિક નિર્ણયો લેવામાં આવે છે. |
| 3. આર્થિક પ્રક્રિયાઓ વ્યક્તિગત ક્ષેત્રમાં સક્રિય હોય છે. | 3. આર્થિક પ્રક્રિયાઓ સાર્વજનિક ક્ષેત્રનાં હિતમાં સક્રિય હોય છે. | 3. આર્થિક પ્રક્રિયાઓ બંને ક્ષેત્રમાં સક્રિય હોય છે. |
| 4. વસ્તુઓનું ઉત્પાદન ગ્રાહકની પસંદગી મુજબ થાય છે, ગ્રાહકનું પ્રભુત્વ. | 4. વસ્તુઓનાં ઉત્પાદન પર સરકારનું નિયંત્રણ હોય છે, ગ્રાહકનું પ્રભુત્વ નહિ. | 4. ઉત્પાદન પર ગ્રાહકનું પ્રભુત્વ હોય, પરંતુ સરકાર આવશ્યક વસ્તુઓની પૂર્તિ માટે ગ્રાહકને સુનિશ્ચિત કરે. |
| 5. વસ્તુ અને સેવાની કિંમત બજાર દ્વારા નક્કી થાય. | 5. વસ્તુ અને સેવાની કિંમત સરકાર દ્વારા નક્કી થાય. | 5. વસ્તુ અને સેવાની કિંમત બજાર દ્વારા નક્કી થાય, પરંતુ સરકાર આવશ્યક વસ્તુઓની કિંમત નક્કી કરે. |
| 6. સંસાધનો પર વ્યક્તિગત અધિકાર હોય | 6. સંસાધનો પર સરકારનો અધિકાર | 6. સંસાધનો પર વ્યક્તિગત અને સરકાર બંનેનું નિયંત્રણ હોય. |
| ૭. USA | ૭. ચીન, રશિયા | ૭. ભારત |

GPSC online application
GPSC Online

# ECONOMICS

## Sector of Economy

### 1. પ્રાથમિક ક્ષેત્ર (Primary Sector) :-

→ અર્થવ્યવસ્થાના આ ક્ષેત્રમાં કુદરતી સંસાધનોને ઉત્પાદનનાં સ્વરૂપમાં મેળવવામાં આવે છે.

→ તેને કૃષિ સંબંધિત ક્ષેત્ર તરીકે પણ ઓળખાય છે.

→ તેમાં ખેતી, મત્સ્યપાલન, ખનીજ ઉત્પાદન જેવી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

### 2. દ્વિતિય ક્ષેત્ર (Secondary Sector) :-

→ અર્થવ્યવસ્થાના આ ક્ષેત્રમાં પ્રાથમિક ક્ષેત્રનાં ઉત્પાદનને કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે.

→ તેને ઔદ્યોગિક ક્ષેત્ર પણ કહેવામાં આવે છે.

→ તેમાં વિનિર્માણ, નિર્માણ જેવી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

### 3. તૃતીય ક્ષેત્ર (Tertiary Sector) :-

→ આ ક્ષેત્રમાં જુદાં-જુદાં પ્રકારની સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે.

→ તેને સેવા ક્ષેત્ર પણ કહેવામાં આવે છે.

→ તેમાં પરિવહન, હોટલ, રેસ્ટોરન્ટ, બેન્કીંગ વગેરે

### 4. ચતુર્થ ક્ષેત્ર (Quaternary Sector) :-

આ ક્ષેત્ર તૃતીય ક્ષેત્રનું એક સુધારાયેલું સ્વરૂપ છે.

→ આ ક્ષેત્ર તૃતીય ક્ષેત્રનું એક સુધારાયેલું સ્વરૂપ છે.

→ આ ક્ષેત્રમાં જ્ઞાન ક્ષેત્ર સંબંધિત સેવાઓનો સમાવેશ થાય છે.

→ આ ક્ષેત્ર સાથે સંબંધિત સેવાઓમાં વિશેષકૃત જ્ઞાન, તકનિકી કૌશલ, અને વિશ્લેષણાત્મક સમજનો ઉપયોગ કરવામાં આવે છે.

→ તેમાં મ્યુચ્યલ ફંડ, કર પ્રબંધક, સોફ્ટવેર ડેવલોપર્સ વગેરે જેવી વિશેષકૃત સેવાઓનો સમાવેશ થાય છે.

### 5. પાંચમું ક્ષેત્ર (Quinary Sector) :-

→ આ ક્ષેત્રમાં ગોલ્ડ કોલર વ્યવસાયનો સમાવેશ કરવામાં આવે છે, જે પોત-પોતાના ક્ષેત્રનાં ઉચ્ચ વિશેષજ્ઞો હોય છે.

→ તે પોતાનાં સંબંધિત ક્ષેત્રોમાં નીતિ નિર્માણ અને નિર્ણય નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

→ તે નવા નવા વિચારો, તકનિક અને શોધ પર કાર્ય કરે છે.

→ ઉચ્ચ સ્તરનાં સરકારી અધિકારીઓ, કંપનીનાં વરિષ્ઠ અધિકારીઓ, વૈજ્ઞાનિકો અને કાનુની સલાહકારોનો સમાવેશ થાય છે.

GPSC online application

GPSC Online

# ECONOMICS

## Factors of Production :-

1. Land (ભૂમિ) ⇒ Rent (ભાડું)
2. Labour (શ્રમ) ⇒ Wages (વેતન)
3. Capital (મૂડી) ⇒ Interest (વ્યાજ)
4. Enterpreneurship (ઉદ્યમ) ⇒ Profit (નફો)

### 1. ભૂમિ (Land) :-

→ કુદરતી સંસાધનોમાં હાજર ઉત્પાદન શક્તિને ભૂમિ કહે

→

| સંસાધન | ભૂમિ |
|---|---|
| માટી → | ફળદ્રુપતા |
| વાદળ → | આર્દ્રતા |
| પવન → | ગતિઉર્જા |
| સૌર કિરણ → | ફોટોન |

### 2. શ્રમ (Labour) :-

→ માનવ શરીર તથા મગજની ઉત્પાદન ક્ષમતાને 'શ્રમ' કહે છે.

→ 1. શારીરિક શ્રમ ⇒ બ્લુ કૉલર વર્કર

2. બૌદ્ધિક શ્રમ ⇒ વ્હાઈટ કૉલર વર્કર

### 3. મૂડી (Capital) :-

માનવનિર્મિત સંસાધનોની ઉત્પાદન ક્ષમતાને મૂડી કહે છે.

→ સ્વરૂપગત લક્ષણનાં આધારે ત્રણ પ્રકાર

i. ભૌતિક મૂડી :- ભવન, રોડ, મશીન વગેરેની ઉત્પાદન શક્તિ

ii. નાણાકીય મૂડી :- મુદ્રા અને તેમાંથી ઉત્પન્ન અન્ય સંસાધનની ઉત્પાદન શક્તિ - શેર, બૉન્ડ, ડૉલર

iii. બૌદ્ધિક મૂડી :- માનવીય વિચારોની ઉત્પાદન શક્તિ

→ (A) કલાત્મક મૂડી ⇒ Copyright

→ (B) વૈજ્ઞાનિક મૂડી ⇒ Patent

→ (C) કારોબારી મૂડી ⇒ Trade Mark

### 4. ઉદ્યમ (Enterpreneurship) :-

→ વ્યક્તિ કે વ્યક્તિનો સમૂહ જ્યારે પોતાની Management ક્ષમતાનાં માધ્યમથી ઉત્પાદનોનાં કારકોનાં ઉપયોગ દ્વારા રોકાણ કરીને આવક મેળવે તેને ઉદ્યમ કહે છે.

✓ (A) નવાચાર પ્રવૃતિ


✓ (B) પ્રબંધન પ્રવૃતિ

✓ (C) જોખમ પ્રવૃતિ

GPSC online application
GPSC Online

# ECONOMICS

## ⁘ Cyclic Flow of Income :-




GPSC Online

GPSC online application

# ECONOMICS

## GDP (Gross Domestic Product)

'વર્ષ દરમિયાન દેશની હદમાં, દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે, તેના બજાર મુલ્યને GDP કહેવામાં આવે છે.'

* ભારતમાં નાણાકીય વર્ષ - 1 April થી 31 March
* National Private Consumption + Gross Investment + Govt. Spending + Trade Balance
  - −Import
  - +Export
* Gross :- કુલ
* Domestic :- આંતરિક
* Product :- Final પેદાશ

2017 – 100
2018 – 107
7%

* GDP નો ઉપયોગ :-
  1. દેશની આર્થિક વૃદ્ધિનું માપદંડ
  2. IMF / WB દ્વારા સભ્ય દેશો વચ્ચે સરખામણી

* વૃદ્ધિ Vs. વિકાસ

⇒ GDP દેશની વૃદ્ધિમાં થતો વધારો દર્શાવે છે.

⇒ ઉત્પાદન વૃદ્ધિ સાથે સામાજીક સમાનતા, ગરીબી-બેરોજગારીમાં ઘટાડો, પર્યાવરણ પ્રદૂષણમાં ઘટાડો, શિક્ષણ-આરોગ્ય સ્તરમાં વધારો એ વિકાસ દર્શાવે છે.


* Nominal GDP & Real GDP (સાંકેતિક & વાસ્તવિક)

→ વસ્તુ અને સેવાના કિંમતની ગણતરી ચાલુ વર્ષની કિંમતના આધાર પર કરવામાં આવે, તો તે કિંમત પર Nominal GDP મળે

→ વસ્તુ અને સેવાના કિંમતની ગણતરી અન્ય કોઈ આધાર વર્ષની કિંમતની સરખામણીએ કરવામાં આવે, તો તે કિંમત પર Real GDP મળે.

$$GDP_{Def} = \frac{Nominal\ GDP}{Real\ GDP} \times 100$$

$$= \frac{300}{100} \times 100 = 300\%$$




GPSC Online

# ECONOMICS

- $GDP_{MP} = GDP_{FC} + Tax - Subsidy$

  $GDP_{FC} = GDP_{MP} - Tax + Subsidy$

- **NDP (Net Domestic Product) :-**

'વર્ષ દરમિયાન દેશની હદમાં, દેશના અને વિદેશના સાધનો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે, તેના બજારમુલ્યમાંથી મૂડી સાધનોને લાગતા ઘસારા ખર્ચને બાદ કરતા NDP મળે છે.'

NDP = GDP - ઘસારો

| | |
|---|---|
| Gross Investment = Net Investment + Depreciation | |
| Net Investment = Gross Investment − Depreciation | |

→ ભારતમાં Ministry of Commerce and Industry દ્વારા ઘસારાનો દર નક્કી કરવામાં આવે છે.
જેમ કે, ઘર માટે વાર્ષિક 1%, પંખા માટે વાર્ષિક 10%

→ Always NDP < GDP

* NDP ની ઉપયોગિતા :-

1. ફક્ત ઘરેલું ઉપયોગ માટે, કારણ કે જુદાં-જુદાં દેશમાં ઘસારાનો દર જુદો-જુદો હોય છે.
2. અર્થતંત્રને ઘસારાનાં કારણે થતુ નુકસાન જાણવા

GPSC online application
GPSC Online

GPSC Online

## નાણાકીય નીતિ એટલે શું ?

→ અર્થવ્યવસ્થામાં દ્રવ્યતા - ₹ ની પુરવઠો સંતુલિત રાખવો.
→ અર્થવ્યવસ્થામાં ફુગાવો કાબુમાં રાખવો.
→ દેશની કેન્દ્રીય બેન્ક - ભારતમાં RBI, ની ભૂમિકા સર્વોચ્ચ


## RBI ની ભારતની અર્થવ્યવસ્થામાં ભૂમિકા :- (200 Cr)

1. ચલણી નોટો છાપવી. Minimum Reserve System
2. બેન્કોની બેન્ક
3. સરકારની બેન્ક
   - i. સરકારને લોન અને નાણાકીય મદદ
   - ii. સરકારના ઋણ / દેવું નો વહીવટ કરે છે.
   - iii. ભારત સરકારનું IMF માં પ્રતિનિધિત્વ
4. ભારતના વિદેશી હુંડિયામણ (Forex Reserve) નું કસ્ટોડિયન
   - i. Hard Currency - $\$_{USD}$, GBP, EURO, ¥, $\$_{AUS}$, $\$_{CAD}$
   - ii. Gold - સોનું
   - iii. IMF હેઠળના વિશિષ્ટ ઉપાડ હક્કો (SDR)
5. ધિરાણ નિયંત્રક
   - i. Quantitative Credit Control Measures
   - ii. Qualitative Credit Control Measures

## ભારતમાં બેન્કોના પ્રકાર :-

1. RBI - સ્થાપના - RBI Act - 1934
   રાષ્ટ્રીયકરણ - RBI Nationalization Act - 1949
2. અનુસૂચિત (Scheduled) વ્યાપારિક બેન્કો
   અનુસૂચિત (Scheduled) બેન્કો - 21 - SBI, BOB, ...
   - i. જાહેર ક્ષેત્રની રાષ્ટ્રીય બેન્કો - 21 - SBI, BOB, ...
   - ii. RRBs - ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો - બિહાર ગ્રામીણ બેન્ક
   - iii. ખાનગી ક્ષેત્રની બેન્કો - Axis, ICICI, HDFC, ....
3. સહકારી બેન્કો [Co-operative Bank]
4. વિદેશી બેન્કો - Citi Bank, Standard chartered Bank, ...
5. Small & Payment Bank
   Paytm Payment Bank, IPPB, .....

## અર્થવ્યવસ્થામાં બેન્કીંગ ક્ષેત્ર :-




$I_2 > I_1$

થાપણો
- ચાલુ થાપણ → Savings A/c
- મુદતી થાપણ → Fixed Deposit

GPSC online application

# નાણાકીય નીતિ

## RBI - ધિરાણ નિયંત્રક તરીકે :-

### * Quantitative Credit Control Measures

**1. CRR · Cash Reserve Ratio – 4%**

→ દરેક બેન્કે પોતાની કુલ થાપણોની અમુક ટકા રકમ રોકડ સ્વરૂપે RBI પાસે રાખવાની હોય છે.

**2. SLR - Statutory Liquidity Ratio - 19.5%**

→ દરેક બેન્કે પોતાની કુલ થાપણોની અમુક ટકા રકમ liquidity એટલે કે દ્રવ્ય સ્વરૂપે - રોકડ, સોનું, સરકારી જામીનગીરિ સ્વરૂપે રાખવાની હોય છે.

→ મોટા ભાગની બેન્કો પોતાની SLRની જરૂરિયાતની રકમ સરકારી જામીનગીરિ (Govt. Securities) માં રાખે છે.

**3. Bank Rate -**

→ RBI વ્યાપારિક બેન્કોને કોમર્શિયલ બીલ અથવા Bill of Exchange ની સામે ધિરાણ આપે છે, ત્યારે વસુલવામાં આવતો વ્યાજનો દર

**4. Open Market Operations (OMO)**

→ RBI દ્વારા દર 3 મહિને કરવામાં આવતી Govt. Sect. ની હરાજી


→ અર્થવ્યવસ્થામાં રૂપિયા વધુ હોય ત્યારે OMO હેઠળ RBI વ્યાપારિક બેન્કોને Govt. Sect. વેચશે.

**5. Repo & Reverse Repo**

→ ટૂંકાગાળામાં અર્થવ્યવસ્થામાં ધિરાણનો જથ્થો નિયંત્રિત કરવા માટે RBI દ્વારા Repo & Reverse Repo નો સહારો લેવાય છે.

→ આ પણ એક પ્રકારની હરાજી જ છે, પરંતુ અહિંયા નિર્ધારિત સમયને અંતે G-Sect. ને પૂન: ખરીદવી અનિવાર્ય છે.

→ એક રાત્રિ, 7 દિવસ, 14 દિવસ




MSF rate = Bank Rate

**6. MSF - Marginal Standing Facility**

→ MSF હેઠળ Commercial Banks પોતાની SLRની જરૂરિયાત હેઠળની G-Sect. સામે RBI પાસેથી ધિરાણ મેળવી શકે છે.

GPSC online application

# નાણાકીય નીતિ

## Payment Bank

→ ભારતમાં Financial Inclusionની વ્યાપ વિસ્તારવા

* મુખ્ય હેતુ :-

'સ્થાનાંતરિત શ્રમિકો, ગ્રામ્ય વિસ્તારના લોકો, અસંગઠિત ક્ષેત્રના કામદારો વગેરેને ફોર્મલ (ઔપચારિક) બેન્કીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવાની.'

* લાક્ષણિકતાઓ :-

1. માત્ર ₹1 લાખ સુધીની Demand Deposit (ચાલુ થાપણ) સ્વીકારી શકે.
2. ધિરાણ આપી શકતી નથી.
3. પોતાના ગ્રાહકોને ક્રેડિટ કાર્ડ આપી શકતી નથી.
4. સામાન્ય બેન્કની જેમ Remittance ની સુવિધા, મોબાઈલ બેન્કીંગ, નેટ બેન્કીંગ, ATM/Debit Card, Third Party Transfer વગેરે જેવી સુવિધા આપી શકે.
5. વર્તમાન સમયમાં Fixed Deposit સ્વીકારી શકતી નથી.

* ભારતમાં કાર્યરત અલગ અલગ Payment Bank

1. Airtel PB – ભારતની સૌપ્રથમ PB
2. Paytm PB
3. Fino PB
4. Aditya Birla PB
5. Jio PB
6. India Post Payment Bank (IPPB)
   - → જાહેર ક્ષેત્રની પ્રથમ અને એકમાત્ર PB
   - → Ministry of Communication

* CAR (Capital Adequacy Ratio - મૂડી પર્યાપ્તતા ગુણોત્તર)

$$CAR = \frac{\text{કુલ મુક્ત મૂડી (Total Free Capital of Bank)}}{\text{કુલ ધિરાણ (Total Risk Weighted Assets of Bank)}}$$

GPSC Online
GPSC online application

# રાજકોષીય નીતિ - FISCAL POLICY

GPSC Online

**બજેટ**

National Investment Fund

## મહેસૂલી ખાતુ

Dept. of Economic Affairs

### મહેસૂલી આવક

**કરની આવક**

1. પ્રત્યક્ષ કર
2. પરોક્ષ કર

**કર સિવાયની આવક**

1. સરકાર દ્વારા વસૂલવામાં આવતી ફી, ચાર્જ, દંડની રકમ
2. PSUs ના ડિવિડન્ડ
3. સરકારે આપેલી લૉન પર મળતુ વ્યાજ

### મહેસૂલી ખર્ચ

**[illegible]**

**વિકાસલક્ષી ખર્ચ** (X)

1. પંચવર્ષીય યોજનાઓ પરનો ખર્ચ.
2. રાજ્યોને આયોજન માટે આપેલી સહાય

C. Rangarajan સમિતિ

2017-18

**બિન-વિકાસલક્ષી ખર્ચ**

**[illegible]**

1. વ્યાજની ચૂકવણીની રકમ
2. સંરક્ષણ; કાયદો અને વ્યવસ્થા પાછળનો ખર્ચ
3. સબસીડી
4. જાહેર વહીવટ
5. કર્મચારીઓના પગાર - પેન્શન.

Air India

60%

-5%

55%

## મૂડી ખાતુ

### મૂડી આવક

NDCR:

1. ભૂતકાળની લૉન વસૂલાત
2. PSUsમાં Disinvestment
3. જાહેર સંપત્તિઓની હરાજી

4. બજારમાંથી લેવામાં આવતુ ઋણ (Market Borrowings)

### મૂડી ખર્ચ

1. ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પરનો ખર્ચ (85%)
2. રાજ્યો / UTsને અપાતી મૂડી સહાય
3. ભૂતકાળમાં લીધેલી લૉનની ચૂકવણી.

GPSC Online application

# રાજકોષીય નીતિ - FISCAL POLICY

**ખાધનો ખ્યાલ (Concept of Deficit) -**

→ જ્યારે સરકાર દ્વારા કરવામાં આવતો ખર્ચ એ સરકારને થનારી આવક કરતા વધુ હોય ત્યારે ખાધ ઉદ્દભવે છે.

**ખાધના પ્રકારો :**

0.5%

FRBM Act

RBI

SDL

**(1) મહેસૂલી ખાધ (Revenue Deficit)**

મહેસૂલી ખાધ = મહેસૂલી ખર્ચ - મહેસૂલી આવક

**(2) અસરકારક મહેસૂલી ખાધ (Effective Revenue Deficit)**

= મહેસૂલી ખાધ - રાજ્યોને અપાયેલી સહાય કે જેનો રાજ્યો દ્વારા મૂડી - અસ્કયામતો (Capital - Assets)ના નિર્માણમાં ખર્ચ થતો હોય.

**(3) રાજકોષીય ખાધ (Fiscal Deficit)**

= કુલ ખર્ચ - {મહેસૂલી આવક + ઋણ/દેવું ન થાય એ પ્રકારની મૂડી આવક}

0.3%

= મહેસૂલી ખાધ + સરકાર દ્વારા બજારમાંથી લેવામાં આવેલ નાણા.
(Market Borrowings)

**(4) પ્રાથમિક ખાધ (Primary Deficit)**

= રાજકોષીય ખાધ - વ્યાજની ચૂકવણીની રકમ

**(5) અંદાજપત્રીય ખાધ (Budgetary Deficit)**

= બજેટનો કુલ ખર્ચ - બજેટની કુલ આવક

= (મહેસૂલી ખર્ચ + મૂડી ખર્ચ) - (મહેસૂલી આવક + મૂડી આવક)

GPSC online application

GPSC Online

# Balance of Payment
## (લેણ-દેણની તુલા)

→ BoP ત્રણ ભાગમાં વિભાજીત છે.

1. Current A/c. - ચાલુ ખાતુ
2. Capital A/c. - મૂડી ખાતુ
3. International Reserve A/c. - આંતરરાષ્ટ્રીય ભંડોળ

OR

Official financing A/c.
સત્તાવાર પતાવટનું ખાતુ

* Current A/c - ચાલુ ખાતુ

→ ચીજવસ્તુઓ અને સેવાઓ સંબંધિત આંતરરાષ્ટ્રીય સોદાઓની નોંધ કરવામાં આવે

→ બે વિભાગ :-

(A) Net Visibles (ચોખ્ખા દૃશ્ય)

→ ભૌતિક ચીજવસ્તુઓના આંતરરાષ્ટ્રીય વ્યાપારની નોંધ. +1000 -2000

[ભારતમાંથી નિકાસ થતી ચીજવસ્તુઓની આવક – ભારતમાં આયાત થતી ચીજવસ્તુઓ પર થતો ખર્ચ]

→ Net Goods / Merchandise / Trades.

(B) Net Invisibles (ચોખ્ખા અદૃશ્ય)

1. Net Services Export

[ભારતમાંથી નિકાસ થતી સેવાઓમાંથી થતી આવક – ભારતમાં આયાત થતી સેવાઓ પર થતો ખર્ચ]

+1000 – 700 = +300

2. Net Investment Income

(ચોખ્ખી રોકાણ / નિવેશ આવક)

(+500 – 600) = –100

3. Net Transfer (ચોખ્ખું હસ્તાંતરણ)

જાહેર — Ex. અનુદાન

ખાનગી — Ex. Remittances

[ભારતને મળતું અનુદાન + ભારતમાં બહારથી આવતા Remittances – ભારત દ્વારા અપાતુ અનુદાન + ભારતમાંથી બહાર જતાં Remittances]

(+2000 – 1500) = +500

* Trade Deficit (વ્યાપારિક ખાદ્ય)

→ Net Visible < 0

+1000 – 2000

= –1000

* Current A/c. Deficit (ચાલુ ખાતાની ખાદ્ય)

→ [Net Visibles + Net Invisibles] < 0

= (+1000 – 2000) + {+300 – 100 + 500}

{–1000} + (+700)

= –300

* Current A/c. Surplus (ચાલુ ખાતાની પુરાંત)

→ [Net Visible + Net Invisibles] > 0

GPSC online application

# Balance of Payment
## (લેણ-દેણની તુલા)

→ BoP ત્રણ ભાગમાં વિભાજીત છે.

1. Current A/C. - ચાલુ ખાતુ
2. Capital A/C. - મૂડી ખાતુ
3. International Reserve A/C. - આંતરરાષ્ટ્રીય ભંડોળ

OR

Official financing A/C.
સત્તાવાર પતાવટનું ખાતુ

* **Capital A/C - મૂડી ખાતુ**

→ મૂડી અથવા અસ્કયામતોના હસ્તાંતરણ સાથે સંકળાયેલા તમામ વ્યવહારોની નોંધ કરવામાં આવે છે.

→ મોટાભાગે લાંબાગાળાના વ્યવહારો.

### (A) Net External Assistance (ચોખ્ખી બાહ્ય સહાય)

[સરકાર અથવા તેની બાંહેધરી હેઠળની કોઈપણ સંસ્થાએ અન્ય વિદેશી સરકાર/સંસ્થા તરફથી મેળવેલી લોન. − સરકાર અથવા તેની બાંહેધરી હેઠળની કોઈપણ સંસ્થાએ વિદેશી સરકાર/સંસ્થા ને આપેલી લોન]

+1000 −500 = +500

### (B) Net Interest Payment (ચોખ્ખી વ્યાજની રકમ)

[ભારતને ચાલુ નાણાંકીય વર્ષને અંતે મળતુ વ્યાજ − ભારતને ચાલુ નાણાંકીય વર્ષને અંતે ચૂકવવાનું થતુ વ્યાજ]

+200 −500 = −300

### (C) Net External Commercial Borrowings (ચોખ્ખુ બાહ્ય વ્યાપારિક ત્રણ)

[ભારતીય કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા વિદેશમાંથી મેળવેલી લોન - ઉભા કરેલા નાણાં − વિદેશી કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા ભારતમાંથી મેળવેલી લોન - ઉભા કરેલા નાણાં]

+1000 −800 = +200

### (D) Net Banking Capital (ચોખ્ખી બેંકોની મૂડી)

→ NRI થાપણો (Deposite)

[ભારતીય બેંકોને મળતી વિદેશી મૂડી − વિદેશી બેંકોને મળતી ભારતીય મૂડી]

+1000 −100 = +900

### (E) Net Foreign Investment (ચોખ્ખુ વિદેશી રોકાણ)

[ભારતીય અર્થતંત્રમાં આવતું વિદેશી રોકાણ − ભારતમાંથી બહાર જતું વિદેશી રોકાણ]

+2000 FDI +1500 FII −500

* **Capital A/C. Deficit (મૂડી ખાતાની ખાધ)**

→ મૂડી ખાતામાં થનારી કુલ આવક < મૂડી ખાતામાં થતો કુલ ખર્ચ

* **Capital A/C. Surplus (મૂડી ખાતાની પુરાંત)**

→ મૂડી ખાતામાં થનારી કુલ આવક > મૂડી ખાતામાં થતો કુલ ખર્ચ

+500 −300 +200 +900 +1500

GPSC Online
GPSC online application

# Balance of Payment
## (લેણ-દેણની તુલા)

→ BoP ત્રણ ભાગમાં વિભાજીત છે.

1. Current A/C. - ચાલુ ખાતુ
2. Capital A/C. - મૂડી ખાતુ
3. International Reserve A/C. - આંતરરાષ્ટ્રીય ભંડોળ

OR

Official financing A/C.
સત્તાવાર પતાવટનું ખાતુ

* BoP Surplus (પુરાંત) +200

[Current A/C. + Capital A/C.] > 0

-1000 +1200

* BoP Deficit (ખાધ) -200

[Current A/C. + Capital A/C.] < 0

-1000 +800

* International Reserve A/C. (આંતરરાષ્ટ્રીય ભંડોળ)

→ BoP ને સંતુલિત કરનારો ભાગ છે.

→ જો BoP પુરાંત (surplus) હોય તો આ પુરાંતની આવક IR A/C. માં જમા થાય છે, જ્યારે BoP માં ખાધ (Deficit) ઉદ્ભવે ત્યારે ખાધના નાણાં IR A/C. માંથી ઉપાડવામાં આવે છે.

* BoP Crisis (BoP ની કટોકટી)

→ અર્થવ્યવસ્થામાં જ્યારે લાંબા સમય સુધી BoP ની ખાધ રહે અને આ ખાધને સંતુલિત કરવા / પહોંચી વળવા માટે IR A/C માંથી લાંબા સમય સુધી નાણાં ઉપાડવામાં આવે ત્યારે આંતરરાષ્ટ્રીય ભંડોળ તળિયે જતું રહે છે. આ પરિસ્થિતિને "BoP Crisis" કહે છે.

BoP Crisis → લાંબા સમય સુધી BoP ખાધ + IR A/C. તળિયે

* BoP Crisis Solution

1. Improving Current A/C.
   - → ભારતીય નિકાસને પ્રોત્સાહન આપવું.
   - → Remittance ને આકર્ષવા.
   - → બિન-જરૂરી આયાત ઘટાડવી.

2. Improving Capital A/C.
   - → વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવું.
   - → NRI Deposite આકર્ષક બનાવવી.

IMPORT COVER ?

GPSC online application

GPSC Online

# Indian Taxation System (ભારતીય કર વ્યવસ્થા)

*** કર કેમ ઉઘરાવવામાં આવે છે?**

- સરકારને પોતાના વિકાસલક્ષી કાર્યો માટે નાણાં ઉભા કરવા માટે
- આવકની અસમાનતા ↓
- આવકની પુન: વહેંચણી કરવા માટે

*** કરનું માળખું (TAX STRUCTURE)**

- કોઈપણ દેશની કર વ્યવસ્થાના કરને નીચે મુજબ વહેંચી શકાય.

1. પ્રત્યક્ષ કર (Direct Tax) અને પરોક્ષ કર (Indirect Tax)
2. પ્રગતિશીલ (Progressive) અને ક્ષીયમાન (Regressive)
3. મૂલ્યાનુસારી (Ad Valorem) અને એકમલક્ષી (Specific)
4. ઉપકર (Cess) અને અધિક લાગત/કર (Surcharge)

**(1) પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર**

| પ્રત્યક્ષ કર | | પરોક્ષ કર |
|---|---|---|
| ✓ | કર્તા (કરની જવાબદારી જેના પર છે તે) | ✗ |
| ✗ | કર ભરવાની જવાબદારી Shift થઈ શકે? | ✓ |
| • ઈન્કમટેક્ષ<br>• કોર્પોરેટ ટેક્ષ | | • GST<br>• GST પૂર્વે Service Tax. |

**(2) પ્રગતિશીલ વેરો અને ક્ષીયમાન**

→ પ્રગતિશીલ કર-વ્યવસ્થામાં વ્યક્તિની આવક વધતા કરનાં દરમાં વધારો.
- ભારતમાં Personal Income Tax.

→ જ્યારે ક્ષીયમાન/અવરોહી કર વ્યવસ્થામાં આવક વધતા કરના દરમાં ઘટાડો.

**(3) મૂલ્યાનુસારી અને એકમલક્ષી**

→ વસ્તુઓના મૂલ્ય અનુસાર કર નક્કી કરવામાં આવે તો મૂલ્યાનુસારી.

→ વસ્તુઓ ઉપર લગાડવામાં આવતો કર વસ્તુના કોઈ એક એકમ - લંબાઈ, કદ, વજન, જથ્થાના આધારે નક્કી કરવામાં આવે છે.

**(4) ઉપકર (10%) અને અધિકકર (10%)**

100, 80% — 30 + 3 cess = 33 | 30 + 10 = 40 Surcharge

→ ચોક્કસ સામાજિક-આર્થિક હેતુઓની પૂર્તિ માટે સરકાર દ્વારા ઉપકર લાગવામાં આવે છે.

→ અધિકકર એ સમગ્ર કરપાત્ર આવક પર લગાડવામાં આવે છે.

| | A | | B | |
|---|---|---|---|---|
| | 1,00,000 | 1 લાખ | 2,00,000 | |
| 30% | -30,000 | | -60,000 | = 90,000 < શિક્ષણ, આરોગ્ય |
| | 70,000 | 70,000 | 1,40,000 | |

GPSC online application
GPSC Online

# Indian Taxation System (ભારતીય કર વ્યવસ્થા)

## * ભારતમાં કરનું માળખું

### * પ્રત્યક્ષ કર

**1. Income Tax**

→ ખેતી સિવાયની આવક પર લાગે.

→ વ્યક્તિ / HUF / નોંધણી ન થયેલી હોય તેવી પેઢીઓની આવક પર લાગે.

→ પ્રગતિશીલ વેરો

→ FY 2018-19 માં ભરવાપાત્ર Income taxની રકમ પર 4% Health & Eduⁿ Cess લાગે છે.

→ આ સિવાય અમુક મર્યાદાથી વધુની આવક પર Surcharge પણ લગાડવામાં આવે છે.

**2. Corporate Tax :-**

→ The Companies Act હેઠળ નોંધણી થયેલી હોય તેવી તમામ ભારતીય કંપનીઓ અને ભારતમાં કાર્યરત વિદેશી કંપનીઓની આવક પર લગાડવામાં આવે છે.

→ આ સિવાય કંપનીઓ પર (બંને) Health & Eduⁿ cess ; Surcharge, Minimum Alternate Tax (18.5%); Dividend Distribution Tax

**3. Wealth Tax :-**

**4. Capital Gain Tax** (મૂડી લાભ કર)

i) Short term CGT

ii) Long term CGT

→ ભારતીય બંધારણ મુજબ કેન્દ્રને ખેતી સિવાયની આવક પર કર લગાડવાની સત્તા છે જ્યારે ખેતીની આવક પર કર લગાડવાની સત્તા રાજ્યોની છે.

→ ભારતમાં વર્તમાનમાં ખેતીની આવક પર કોઈ પ્રકારનો કર લગાડાતો નથી.

### * પરોક્ષ કર

[GST લાગુ થયા પહેલા]

• કેન્દ્ર હેઠળના

**1. Central Excise Duty**

→ ભારતમાં ઉત્પાદિત થતી તમામ ચીજવસ્તુઓ પર લાગતી હતી.

→ કેટલીક ચીજવસ્તુઓ પર દા.ત, આલ્કોહોલ, ડ્રગ્સ વગેરે પર Excise Duty લગાડવાની સત્તા રાજ્યોની છે માટે તેના પર CED લાગતી ન હતી.

**2. Service Tax**

→ ભારતમાં વિનિમય થતી મોટાભાગની તમામ પ્રકારની સેવાઓ પર લગાડવામાં આવતો હતો.

→ 1994-95 થી શરૂઆત

**3. Custom Duty**

i) Import Duty

→ દેશમાં વિદેશમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર લાગતી

ii) Export Duty

→ ભારતમાંથી વિદેશમાં નિકાસ થતી ચીજવસ્તુઓ પર

**4. Central Sales Tax**

→ આંતર રાજ્યના વેપાર સંબંધિત ચીજવસ્તુઓ પર લગાડવામાં આવતો.

→ CST હેઠળ કેન્દ્રને થયેલી આવક સબંધિત રાજ્યોને સોંપી દેવાતી.

**5. Cess & Surcharge**

Ex; Clean Environment Cess
Krishi Kalyan Cess.

→ GST લાગુ થતા વિવિધ 13 cess ને GST હેઠળ આવરી લેવાયા છે.

GPSC online application
GPSC Online

# Indian Taxation System (ભારતીય કર વ્યવસ્થા)

* ભારતીય કરનું માળખું

## * પરોક્ષ કર (રાજ્ય હેઠળના)

[ GST લાગુ થયા પૂર્વે ]

### * STATE VAT

→ રાજ્યમાં વેચાતી ચીજવસ્તુઓ પર લાગતો હતો.

→ શરૂઆતમાં State Sales Tax તરીકે ઓળખાતો:- Non-VAT Model

→ 2005-06 થી SST VAT Model પર લાગુ થતા VAT તરીકે

→ રાજ્યોની આવકનો પ્રમુખ સ્રોત હતો.

* Entertainment Tax.
* Octroi Tax - State Entry Tax.
* State Excise Duty
* Tax on Betting, Gambling, Lottery
* Cess & Surcharge

## * ભારતીય પરોક્ષ કર વ્યવસ્થામાં સુધારા (Reforms)

### * L.K.JHA સમિતિ

→ સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટીને VAT Model પર - MAN VAT

→ ભારત સરકાર દ્વારા 1995માં CED ને VAT Model પર MODVAT તરીકે લાગુ કર્યો.

→ રાજ્યના વેચાણવેરા (SST) ને VAT Model પર લાગુ ન કરી શકાયો.

### * ચેલૈયા સમિતિ (1991)

→ CED, SST અને અન્ય તત્કાલીન પરોક્ષ કરને સમાવેશ કરીને સમગ્ર ભારતમાં Comprehensive VAT લાગુ કરવાની ભલામણ કરી.

• રાજ્યો દ્વારા સંમતિ ન અપાઈ.

* GoI દ્વારા 2004માં પ્રવર્તમાન MODVAT ને CENVAT તરીકે લાગુ કરાયો. સમગ્ર ભારતમાં CED ના વહીવટમાં એકરૂપતા આવી.

* રાજ્યના SST ને VAT Model પર લાગુ કરવામાં આવે એ હેતુથી GoI દ્વારા અસીમદાસ ગુપ્તા સમિતિની રચના.

→ સમિતિ દ્વારા રાજ્યોને SST ને VAT Model પર લાગુ કરવા માટે મનાવવામાં આવ્યા. GoI દ્વારા ભવિષ્યમાં મહેસૂલી આવકમાં રાજ્યોને થનારા સંભવિત નુકશાન માટે (5 વર્ષ સુધી) ભરપાઈની ખાતરી અપાઈ.

→ FY 2005-06 થી SST ને VAT આધારિત લાગુ કરવામાં આવ્યો જેને આપણે STATE VAT કહીએ છીએ.

* આમ, CEN VAT અને VAT ની સફળતાપૂર્વક અમલવારી કરવામાં આવી. પરંતુ, ભારતમાં કેન્દ્ર અને રાજ્યો દ્વારા ઘણા અલગ-અલગ પરોક્ષ કર લગાડવામાં આવતા હતા.

→ વિવિધ રાજ્યો દ્વારા - વિવિધ વસ્તુ પર - ભિન્ન ભિન્ન દરે VAT લગાડાતો.

'એક ભારત અને અનેક બજાર'

* સમગ્ર ભારતમાં એક જ સંકલિત બજાર માટે કેન્દ્ર-રાજ્ય હેઠળના પરોક્ષ કરનું એકીકરણ આવશ્યક હતું.

GST - 10%

non-VAT — 45

| A | B | C | = ABC |
|---|---|---|---|
| 100 | 110 | 165 | |
| 10 | 40 | 35 | |
| 110 | 150 | 200 | = 220 |
| | 15 | 20 | |
| | 165 | 220 | |

VAT 10% — 17.5

| A | B | C | ABC |
|---|---|---|---|
| 100 | 110 | 154 | = 192.5 |
| 10 | 40 | 35 | |
| 110 | 4 | 3.5 | |
| | 154 | 192.5 | |

GPSC online application

GPSC Online

# Indian Taxation System (ભારતીય કર વ્યવસ્થા)

## * Goods & service Tax (GST)

→ કેલકર ટાસ્કફોર્સ દ્વારા 2004 માં GST ની ભલામણ કરવામાં આવી.

→ ભારતમાં કેન્દ્ર અને રાજ્ય દ્વારા લેવામાં આવતા વિવિધ પરોક્ષ કરને આવરી લઈને એક સંકલિત કર

→ ભારતમાં તમામ ચીજવસ્તુઓ અને સેવાઓ પર લાગુ.

→ VAT મોડેલ પર ઉધારાણી.

→ Destination based કર.

→ FY 2006-07 બજેટ:- 1 એપ્રિલ 2010

→ 2017 માં સંસદ - વિધાનમંડળ દ્વારા બંધારણીય સુધારો પસાર થતા GST નું બંધારણીયકરણ થયું.

→ Duel GST → CGST / SGST/UTGST

• IGST

→ 4 Slab - 5%, 12%, 18%, 28%.

→ Exempted v/s Zero rated

## * GST માં સમાવિષ્ટ થયેલા પરોક્ષ કર

1. કેન્દ્ર હેઠળના

i) Central Excise Duty
ii) Add^l Excise Duty
iii) Add^l Custom Duty OR CVD - સ્પર્ધા સંતુલન કર
iv) Sp^l Add^l Duty of Custom
v) Service Tax
vi) Cess & Surcharge

2. રાજ્ય હેઠળના

i) Central Sales Tax
ii) State VAT
iii) ખરીદી કર
iv) Lottery, Betting & Gambling Tax
v) Entry Tax / Octroi Tax
vi) Cess and Surcharge
vii) મનોરંજન કર (સિવાય કે સ્થાનિક સત્તામંડળ દ્વારા લેવાતો હોય)

## * GST Council

→ સંઘીય બંધારણીય સંસ્થા

→ બંધારણના અનુ. 279 A(1) હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા ગઠન.

→ ચેરપર્સન - કેન્દ્રીય નાણામંત્રી

→ સભ્યો - 1) કેન્દ્રીય (રાજ્ય) નાણાં-મહેસૂલ મંત્રી
2) રાજ્યોના નાણામંત્રી OR મહેસૂલ મંત્રી OR રાજ્યો દ્વારા નિમણૂંક કરાયેલ સંબંધિત મંત્રી

→ કેન્દ્રીય મહેસૂલ સચિવ GST કાઉન્સિલના Ex-officio સચિવ.

## * National Anti-Profiteering Authority.

→ CGST Act હેઠળ સ્થાપના

→ વૈધાનિક સંસ્થા

→ GST ના અમલીકરણથી ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવમાં ઘટાડાનો લાભ લોકો ને મળે એ જોવાનુ.

## * GST માંથી બાકાત રખાયેલી વસ્તુ/સેવા

1. Alcohole for human consumption
2. 5 Petrolium Products :- ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ATF, ડીઝલ, કુદરતી ગેસ
3. તમાકુ
4. સ્થાનિક સત્તા મંડળ દ્વારા લેવાતો મનોરંજન કર

અરવિંદ મોદી સમિતિ

પ્રત્યક્ષ કર

GPSC online application
GPSC Online

# વિનિમય દર વ્યવસ્થા

▪ વિનિમય દર એટલે શું?

→ જે દર પર એક ચલણને બીજા ચલણમાં રૂપાંતરિત કરી શકાય એ દરને......

| |
|---|
| 1 \$ = 70 ₹, |
| 1 € = 80 ₹ |

▪ બે ચલણ વચ્ચે વિનિમયનો દર કેમ ઉદ્ભવે છે?

→ સંબંધિત દેશોનો વિશ્વ વ્યાપારમાં હિસ્સો

→ આવકનું સ્તર

→ ઉત્પાદનની કિંમત

→ લોકોની ખરીદશક્તિ

વગેરેના પરિણામે ઉદ્ભવતા માંગ અને પુરવઠાના પરિબળોને પરિણામે

▪ વિનિમય દરની જરૂરિયાત કેમ પડે છે?

• વિનિમય દરના પ્રકારો

1. સ્થિર વિનિમયનો દર

- દેશની મધ્યસ્થી બેંક દ્વારા નક્કી કરવામાં આવે.

2. બજાર આધારિત વિનિમયનો દર

- બે ચલણોની અર્થવ્યવસ્થામાં માંગ અને પૂરવઠાના આધારે વિનિમયનો દર નક્કી થાય છે.

- Fully Floating (સંપૂર્ણ તરલતા)

3. વ્યવસ્થાપિત વિનિમયનો દર

- સામાન્ય સંજોગોમાં વિનિમયનો દર બજાર પરિબળોના આધારે નક્કી થાય છે, પરંતુ અપવાદરૂપ કિસ્સાઓમાં દેશની મધ્યસ્થી બેંક દ્વારા હસ્તક્ષેપ કરી વિનિમય દર નક્કી કરવામાં આવે છે

- ભારતમાં પ્રવર્તમાન છે.

4. સમખરીદશક્તિ આધારિત વિનિમયનો દર

- બે ચલણો વચ્ચેનો વિનિમયનો દર તે બે ચલણોની ઘરેલુ અર્થવ્યવસ્થામાં ખરીદશક્તિના આધારે નક્કી થાય છે

- અર્થશાસ્ત્રમાં માત્ર વિમર્શ માટે જ ઉપયોગ

i. બજાર આધારિત વિનિમયનો દર (MER) > સમખરીદશક્તિ વિનિમયનો દર (PPP based ER)

ii. GDP @ MER < GDP @ PPP based ER


GPSC online application

GPSC Online

## ⊡ અર્થતંત્રમાં માંગ અને પુરવઠાનો ખ્યાલ

⊡ **માંગ** :- ચીજવસ્તુ — સેવાની અલગ-અલગ કિંમતો પર ઉપભોગતાઓની તે ચીજવસ્તુ - સેવા ખરીદવા માટેની ઈચ્છા શક્તિ.


$$\text{ચીજવસ્તુ - સેવાની માંગ} \propto \frac{1}{\text{ચીજવસ્તુ - સેવાની કિંમત}}$$





⊡ **પુરવઠો** : ચીજવસ્તુ - સેવાની વિવિધ કિંમતો પર ઉત્પાદક/સપ્લાયરની જથ્થો પૂરો પાડવાની ઈચ્છાશક્તિ.

⊡ **પુરવઠાનો નિયમ** : 

$$\text{ચીજવસ્તુ - સેવાનો પુરવઠો} \propto \text{ચીજવસ્તુ-સેવાઓની કિંમત.}$$




GPSC online application

## ⊡ ભારતીય અર્થતંત્રમાં $ની માંગ


- આયાતકારો < જરૂરી / બિનજરૂરી
- વિદેશમાં જતા પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ, દર્દીઓ.
- વિદેશમાં Sales Promotion
- સરકાર.


## ⊡ ભારતીય અર્થતંત્રમાં $નો પુરવઠો


- નિકાસકારો
- વિદેશમાંથી આવનારા પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ, દર્દીઓ.
- વિદેશી રોકાણ < FDI / FII
- Remittances
- NRI Deposites (થાપણો)
- ECB (બાહ્ય વ્યાપારિક ઋણ)

## ⊡ ₹ નો ઘસારો/મૂલ્યહ્રાસ (Depreciation)


₹ નબળો થયો, $ મજબૂત.




## ⊡ ₹ નું પુનઃમૂલ્યાંકન (Revaluation)




## ⊡ ભારતીય અર્થતંત્ર પર અસરો

- આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય નિકાસ કિંમતની દ્રષ્ટિએ સ્પર્ધાત્મક અર્થાત સસ્તી થશે અને પરિણામે ભારતમાંથી નિકાસ વધશે.
- આયાત મોંઘી થશે, પરિણામે ભારતમાં આયાત અને ચાલુ ખાતાની ખાધ ઘટવી જોઈએ, પરંતુ ભારતના કિસ્સામાં આમ થતું નથી.
- કેમ કે, ભારતમાં ક્રુડ ઓઈલ, મશીનરી, ખાતર ફરજિયાતપણે આયાત કરવું પડે છે અને આથી આયાત પરનો ખર્ચ વધે છે અને ચાલુખાતાની ખાધ પણ વધે છે.


GPSConline application
GPSC Online


▣ ભારતીય અર્થતંત્રમાં $ની માંગ.

- આયાતકારો < જરૂરી / બિનજરૂરી
- વિદેશમાં જતા પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ, દર્દીઓ.
- વિદેશમાં Sales Promotion
- સરકાર.

▣ ₹ ની મૂલ્યવૃદ્ધિ (APPreciation)

[ $ નબળો થયો, ₹ મજબૂત. ]





▣ ભારતીય અર્થતંત્ર પર અસરો

- આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય નિકાસ કિંમતની દ્રષ્ટિએ સ્પર્ધાત્મકતા ઓછી થશે અર્થાત મોંઘી બનશે અને ભારતની નિકાસમાં ઘટાડો થશે.
- આયાત સસ્તી થશે, પરિણામે ભારતમાં આયાત વધશે અને આયાતી ખર્ચ, વ્યાપારિક ખાધ તથા ચાલુ ખાતાની ખાધ વધશે.

▣ ભારતીય અર્થતંત્રમાં $નો પુરવઠો.

- નિકાસકારો
- વિદેશમાંથી આવનારા પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ, દર્દીઓ.
- વિદેશી રોકાણ < FDI / FII
- Remittances
- NRI Deposites (થાપણો)
- ECB (બાહ્ય વ્યાપારિક ઋણ)


▣ ₹ નું અવમૂલ્યન (Devaluation)





[*] "અર્થવ્યવસ્થાનું અનુત્પાદીકરણ"
"Sterilization Of Economy"

→ ચલણના અવમૂલ્યનની સાથે-સાથે અર્થતંત્રમાં પ્રવાહીતા અર્થાત ₹ નો પુરવઠો વધી ન જાય અને ફુગાવો ન ઉદ્ભવે એ હેતુથી RBI દ્વારા રિવર્સ રેપોના માધ્યમથી G-Sect. ની હરાજી કરવામાં આવે.

GPSC online application


બેરોજગારી (Unemployment)
આર્થિક પ્રવૃતિ (Economic Activity)
રોજગાર (Employment)
- પ્રવર્તમાન વેતન દર
- કામ કરવા ઇચ્છુક અને સક્ષમ
- કુશળતા.
પૂર્ણ રોજગાર (Full Employment)
અર્ધ- બેરોજગાર (Under Employment)
પૂર્ણ બેરોજગાર (Unemployment)
બેરોજગારીના પ્રકાર :
1 પરિવર્તનજન્ય બેરોજગારી (Frictional Unemployment)
2 માળખાગત બેરોજગારી (Structural Unempt)
પરિસ્થિતિમાં ઉદ્ભવે.
ખાનગીકરણ
ઉત્પાદન → મશીન આધારિત.
અર્થતંત્ર → ખુલ્લુ અર્થતંત્ર
(Open Economy)
(Technological Development)
Unempt)
GPSC Online


બેરોજગારી (Unemployment)
આર્થિક પ્રવૃત્તિ (Economic Activity)
રોજગાર (Employment)
ર્તમાન વેતન દર
કરવા ઇચ્છુક અને
મ
તા.
પૂર્ણ રોજગાર (Full Employme
અર્ધ- બેરોજગાર (Unde
પૂર્ણ બેરોજગાર. (U
બેરોજગારીના પ્રકાર :
1 પરિવર્તનજન્ય બેરોજગારી (Frictional Unemployment)
2 માળખાગત બેરોજગારી (Structural Unemp^t)
→ મુખ્યત્વે નીચેની પરિસ્થિતિમાં ઉદ્દભવે.
i) જાહેર ક્ષેત્ર → ખાનગીકરણ
ii) શ્રમ આધારિત ઉત્પાદન → મશીન આધારિત.
iii) વેપાર-વિમુખ અર્થતંત્ર → ખુલ્લુ અર્થતંત્ર
(Closed Economy)
(Open Economy)
iv) વૈશ્વિકીકરણ
v) તકનીકી વિકાસ (Technological Development)
3 વેપાર-ચક્રીય/ચક્રીય બેરોજગારી.
(Business-Cycle Unemp^t)
4 મોસમી બેરોજગારી (Seasonal Unemp^t)
5 પ્રચ્છન્ન બેરોજગારી (Disguised Unemp^t)
GPSC Online
GPSC Online application

# બેરોજગારી (Unemployment)

**▣ ભારતમાં બેરોજગારીનું માપન :-**

– વ્યક્તિ રોજગાર હેઠળ છે કે બેરોજગાર તે જાણતા પૂર્વે વ્યક્તિ શ્રમિક દળ (Labour Force) નો હિસ્સો છે કે નહીં તે જાણવું જરૂરી છે.

**▣ Activity Status - પ્રવૃત્તિ સ્થિતિ**

– વ્યક્તિ શ્રમિક દળનો હિસ્સો છે કે નહી એ તેના Activity Status નાં આધારે ખબર પડે.

– વ્યક્તિની રોજીંદા જીવનમાં આર્થિક પ્રવૃતિઓ અથવા બિનઆર્થિક પ્રવૃતિઓ ભાગીદારીના આધારે વ્યક્તિના Activity Status, NSSO અનુસાર, નીચેના ત્રણ પૈકી કોઈપણ એક હોઈ શકે.

શ્રમિક દળ {
1. કામ કરી રહ્યા હોય - રોજગાર
2. કામની શોધમાં હોય અથવા કામ કરવા તૈયાર હોય - બેરોજગાર.
}
3. કામની શોધમાં પણ ન હોય કે કામ કરવા તૈયાર પણ ન હોય

**▣ બેરોજગારીનો દર** = $\frac{\text{બેરોજગાર શ્રમિકો}}{\text{શ્રમિક દળનાં કુલ શ્રમિકો}} \times 100$

**▣ શ્રમિકદળની ભાગીદારીનો દર** = $\frac{\text{કુલ શ્રમિકો}}{\text{કુલ વસ્તી}} \times 100$

(Labour Force Participation Rate)

**▣ NSSO દ્વારા 3 અલગ-અલગ પદ્ધતિનો ઉપયોગ કરીને ભારતમાં બેરોજગારીનું માપન કરવામાં આવે છે.**

**1 સામાન્ય સ્થિતિના આધારે (Usual Status Approach)**

→ સર્વેની તારીખના પાછળના 365 દિવસમાં વ્યક્તિની રોજગાર સ્થિતિ.

**2 વર્તમાન સાપ્તાહિક સ્થિતિના આધારે.**
(Current Weekly Status Approach)

→ સર્વેની તારીખના પાછળના સમગ્ર સપ્તાહમાં વ્યક્તિની રોજગાર સ્થિતિના આધારે.

**3 વર્તમાન દૈનિક સ્થિતિનાં આધારે**
(Current Daily Status)

→ સર્વેની તારીખના પાછળના 7 દિવસો પૈકીના પ્રત્યેક દિવસમાં વ્યક્તિની રોજગાર સ્થિતિના આધારે.

| સંદર્ભ સમય | | બેરોજગારીનો દર |
|---|---|---|
| i) લાંબો ગાળો | → | ઓછો |
| ii) ટૂંકો ગાળો | → | વધારે |